# (: વેચાણ દસ્તાવેજ :)

વેચાણ અવેજ રૂા. /–
અંકે રૂપિયા પુરા

સવંત : ૨૦૭૩ ના ને વાર : , તા. મી, માહે :
, સને : ૨૦૧૭ ના અંગ્રેજી દિને........

**આ વેચાણ દસ્તાવેજનો લેખ લખાવી લેનાર**
**પહેલા પક્ષના યાને વેચાણ રાખનાર :–**

શ્રી
ઉ.આ.વ. : , ધંધો : ,
રહેવાસી :
મો. નં. પાનકાર્ડ નં. A આધારકાર્ડ નં.

–// જેઓને હવે પછી આ વેચાણ દસ્તાવેજના લેખમાં વેચાણ રાખનાર અગર **તમો** તરીકે સંબોધવામાં આવેલ છે, જેઓના સંપૂર્ણ અર્થમાં અન્યથા વિરોધાભાસ ન હોય ત્યાં વેચાણ રાખનાર પોતે તથા તેઓના વંશવાલી વારસો, ટ્રાન્સફરી, એસાઈની, એક્ઝીક્યુટર્સ, સકસેસર્સ ઈત્યાદી તમામનો સમાવેશ થઈ જાય છે. //–
જોગ લી.

**આ વેચાણ દસ્તાવેજનો લેખ લખી આપનાર**
**બીજા પક્ષના યાને વેચાણ આપનારાઓ :–**

(૧) **શ્રી ભોગીલાલ ગોપાળભાઈ પટેલ**
ઉ.આ.વ. : ૮૨, ધંધો : ખેતી,
રહેવાસી : ૨–એ, લીલા વિહાર સોસાયટી, કોઝવે રોડ, તાડવાડી, રાંદેર રોડ, સુરત.
પાનકાર્ડ નં. ATIPP 9334 K. આધારકાર્ડ નં. 6407 1997 5012.

(૨) **શ્રી મહેશભાઈ ભોગીલાલ પટેલ**
ઉ.આ.વ. : ૪૯, ધંધો : ખેતી,
રહેવાસી : ૧–એ, લીલા વિહાર સોસાયટી, કોઝવે રોડ, તાડવાડી, રાંદેર રોડ, સુરત.
પાનકાર્ડ નં. ABBPP 0929 P. આધારકાર્ડ નં. 2194 9359 0256.

(૩) **શ્રી અજીતભાઈ ભોગીલાલ પટેલ**
ઉ.આ.વ. : ૪૫, ધંધો : ખેતી,
રહેવાસી : ૮, ગોપાલેશ્વર સોસાયટી, હનુમાન ચોક, તાડવાડી, રાંદેર રોડ, સુરત.
પાનકાર્ડ નં. ACIPP 2406 P. આધારકાર્ડ નં. 9525 7628 1226.

| જીલ્લો | તાલુકો | ગામ | બ્લોક નં. | પ્રોજેકટનું નામ | પ્લોટ નં. | પ્લોટનું ક્ષેત્રફળ |
|---|---|---|---|---|---|---|

-// જેઓને હવે પછી આ વેચાણ દસ્તાવેજના લેખમાં વેચાણ આપનાર અગર અમો તરીકે સંબોધવામાં આવેલ છે, જેઓના સંપૂર્ણ અર્થમાં અન્યથા વિરોધાભાસ ન હોય ત્યાં વેચાણ આપનાર પોતે તથા તેઓના વંશવાલી વારસો, ટ્રાન્સફરી, એસાઈની, એક્ઝીક્યુટર્સ, સકસેસર્સ ઈત્યાદી તમામનો સમાવેશ થઈ જાય છે. //-

જત આજરોજ અમો વેચાણ આપનાર તમો વેચાણ રાખનારને આ વેચાણ દસ્તાવેજનો લેખ લખી આપી જણાવીએ છીએ કે :-

**(૧)** સુરત ડિસ્ટ્રીકટ ઓલપાડ સબ ડિસ્ટ્રીકટના મોજે ગામ કરમલાના બ્લોક નં. ૨૬૨ + ૨૬૪ વાળી જમીન કે જેનું ક્ષેત્રફળ : ૬૭૩૮૦-૦૦ ચો.મી. છે તે રહેણાંકના હેતુ માટેની બીનખેતીની જમીન જે **"આનંદો ગ્રીન વેલી"** ના નામથી ઓળખાય છે તે જમીનમાં પાડવામાં આવેલા પ્લોટો પૈકી **પ્લોટ નં...........** વાળી ખુલ્લા પ્લોટવાળી જમીન અમો બીજા પક્ષનાની સ્વતંત્ર માલીકી તથા કબજા વહીવટ ભોગવટા હેઠળની ચાલી આવેલી છે.

**(૨)** સુરત ડીસ્ટ્રીકટ ઓલપાડ સબ ડીસ્ટ્રીકટના મોજે ગામ કરમલાના રેવન્યુ સર્વે નં. ૨૨૩/૧ પૈકી, ૨૨૪/૧, ૨૨૪/૨, ૨૨૪/૩, ૨૨૪/૪ પૈકી કે જેના બ્લોક નં. ૨૬૨ વાળી જમીન મૂળ ભીખાભાઈ ભાણાભાઈની માલીકીની ચાલી આવેલ.

જી. સુરત, તા. ઓલપાડના મોજે ગામ કરમલા ખાતે એકત્રીકરણ સ્કીમ લાગુ પડેલ, જે હકીકત અંગેની નોંધ ગામના હકક પત્રકના નમુના નં. ૬ માં ફેરફાર નોંધ નં. ૯૯૬ થી તા. ૨૫-૦૪-૧૯૬૩ ના રોજથી થયેલી.

જમીન માલીક ભીખાભાઈ ભાણાભાઈ પાસેથી સદરહુ તેમની માલીકીની જમીન કાંતિલાલ મગનભાઈ, સન્મુખભાઈ કાંતિલાલ, રાકેશકુમાર સન્મુખલાલ, ધર્મેશ સન્મુખલાલ, રમેશભાઈ કાંતિલાલ તથા કિશોરભાઈ કાંતિલાલનાઓએ રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજથી ખરીદ કરેલ, જે અંગેનો વેચાણ દસ્તાવેજ મહે. સબ રજીસ્ટ્રારશ્રી, સુરતનાની કચેરીમાં ૧ નંબરની નોંધણી અનુક્રમ નં. ૪૪૩ થી તા. ૦૨-૦૫-૧૯૯૦ ના રોજથી નોંધાયેલ છે અને તે હકીકત અંગેની નોંધ ગામના હકક પત્રકના નમુના નં. ૬ માં ફેરફાર નોંધ નં. ૧૯૦૫ થી તા. ૦૪-૦૬-૧૯૯૦ ના રોજથી થયેલી અને જે નોંધ પ્રમાણિત પણ થયેલી. જેઓ પૈકી કાંતિલાલ મગનભાઈ તા. ૧૧-૦૬-૧૯૯૮ ના રોજ ગુજરી જતાં તેમના કાયદેસરના સીધી લીટીના વારસદાર કમુબેન તે કાંતિલાલ મગનલાલની વિધવા, સન્મુખભાઈ કાંતિલાલ, કુસુમબેન કાંતિલાલ, રમેશભાઈ કાંતિલાલ, કિશોરભાઈ કાંતિલાલ, ઈલાબેન કાંતિલાલ પૈકી કુસુમબેન કાંતિલાલ તથા ઈલાબેન કાંતિલાલે સદરહુ જમીનમાંથી તેણીનો હકક હિસ્સો ઉઠાવી લીધાના સંમતિ જવાબ આપેલ હોવાથી કમુબેન તે કાંતિલાલ મગનલાલની વિધવાનું નામ ગામ દફતરે દાખલ કરવામાં આવેલ, જે હકીકત અંગેની નોંધ ગામના હકક પત્રકના નમુના નં. ૬ માં ફેરફાર નોંધ નં. ૨૨૮૦ થી તા. ૨૬-૧૦-૧૯૯૮ ના રોજથી થયેલી અને જે નોંધ પ્રમાણિત પણ થયેલી. સદરહુ જમીન માલીક કમુબેન તે કાંતિલાલ મગનલાલની વિધવા, રાકેશકુમાર સન્મુખલાલ, ધર્મેશકુમાર સન્મુખલાલ, રમેશભાઈ કાંતિલાલ, કિશોરકુમાર કાંતિલાલ તથા સન્મુખભાઈ કાંતિલાલ પાસેથી અમૃતભાઈ ગાંડાભાઈ, કમલેશકુમાર અમૃતભાઈ તથા હેતલકુમાર અમૃતભાઈ પટેલે ખરીદ કરેલ, જે અંગેનો વેચાણ

દસ્તાવેજ જમીન માલીક કમુબેન તે કાંતિલાલ મગનલાલની વિધવા, રાકેશકુમાર સન્મુખલાલ, ધર્મેશકુમાર સન્મુખલાલ, રમેશભાઈ કાંતિલાલ તથા કિશોરકુમાર કાંતિલાલના કુલમુખત્યાર સન્મુખભાઈ કાંતિલાલે અમૃતભાઈ ગાંડાભાઈ, કમલેશકુમાર અમૃતભાઈ તથા હેતલકુમાર અમૃતભાઈ પટેલની તરફેણમાં કરી આપેલ, જે વેચાણ દસ્તાવેજ મહે. સબ રજીસ્ટ્રારશ્રી, ઓલપાડનાની કચેરીમા નોંધણી અનુક્રમ નં. ૮૬૩ થી તા. ૧૭–૦૭–૧૯૯૯ ના રોજથી નોંધાયેલ અને જે હકીકત અંગેની નોંધ ગામના હકક પત્રકના નમુના નં. ૬ માં ફેરફાર નોંધ નં.૨૩૩૮ થી તા. ૦૭–૧૧–૧૯૯૯ ના રોજથી થયેલી, જે નોંધ રદ થયેલ. જેથી સદર વેચાણ અંગેની ફરીથી નોંધ ગામના હકક પત્રકના નમુના નં. ૬ માં ફેરફાર નોંધ નં. ૨૭૯૪ થી તા. ૨૩–૦૪–૨૦૦૮ ના રોજથી થયેલી અને જે નોંધ તા. ૦૭–૦૬–૨૦૦૮ ના રોજથી પ્રમાણિત પણ થયેલી. આમ, સદરહુ જમીન અમૃતભાઈ ગાંડાભાઈ પટેલ, કમલેશકુમાર અમૃતભાઈ પટેલ તથા હેતલકુમાર અમૃતભાઈ પટેલની માલીકીની ચાલી આવેલ. જેઓ પાસેથી સદરહુ જમીન ભોગીલાલ ગોપાળભાઈ પટેલ, મહેશભાઈ ભોગીલાલ પટેલ તથા અજીતભાઈ ભોગીલાલ પટેલ યાને અમો બીજા પક્ષનાઓએ રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજથી ખરીદ કરેલ, જે અંગેનો વેચાણ દસ્તાવેજ મહે. સબ રજીસ્ટ્રારશ્રી, ઓલપાડનાની કચેરીમાં નોંધણી અનુક્રમ નં. ૧૧૨૧ થી તા. ૧૮–૦૭–૦૩ ના રોજથી નોંધાયેલ છે અને જે હકીકત અંગેની નોંધ ગામના હકક પત્રકના નમુના નં. ૬ માં ફેરફાર નોંધ નં. ૨૮૪૪ થી તા. ૧૪–૧૧–૨૦૦૮ ના રોજથી થયેલી અને જે નોંધ તા. ૦૮–૦૫–૨૦૦૯ ના રોજથી પ્રમાણિત પણ થયેલી છે. આમ, સદરહુ જમીન અમો બીજા પક્ષનાની માલીકી કબજા વહીવટ ભોગવટા હેઠળની ચાલી આવેલી છે.

**(૩)** સુરત ડીસ્ટ્રીકટ ઓલપાડ સબ ડીસ્ટ્રીકટના મોજે ગામ કરમલાના રેવન્યુ સર્વે નં. ૨૬૮, ૨૬૯, ૨૭૦, ૨૨૪, ૨૬૬, ૨૨૪/૪ પૈકી કે જેના બ્લોક નં. ૨૬૪ વાળી જમીન મૂળ મોહનલાલ ભીખાભાઈની માલીકીની ચાલી આવેલ.

જી. સુરત, તા. ઓલપાડના મોજે ગામ કરમલા ખાતે એકત્રીકરણ સ્કીમ લાગુ પડેલ, જે હકીકત અંગેની નોંધ ગામના હકક પત્રકના નમુના નં. ૬ માં ફેરફાર નોંધ નં. ૯૯૬ થી તા. ૨૫–૦૪–૧૯૬૩ ના રોજથી થયેલી.

જમીન માલીક મોહનભાઈ ભીખાભાઈ પાસેથી સદરહુ તેમની માલીકીની જમીન કાંતિલાલ મગનભાઈ, સન્મુખભાઈ કાંતિલાલ, રાકેશકુમાર સન્મુખલાલ, ધર્મેશ સન્મુખલાલ, રમેશભાઈ કાંતિલાલ તથા કિશોરભાઈ કાંતિલાલનાઓએ રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજથી વેચાણથી ખરીદ કરેલ, જે અંગેનો વેચાણ દસ્તાવેજ મહે. સબ રજીસ્ટ્રારશ્રી, સુરતનાની કચેરીમાં ૧ નંબરની નોંધણી અનુક્રમ નં. ૪૪૪ થી તા. ૦૨–૦૫–૧૯૯૦ ના રોજથી નોંધાયેલ અને તે હકીકત અંગેની નોંધ ગામના હકક પત્રકના નમુના નં. ૬ માં ફેરફાર નોંધ નં. ૧૯૦૪ થી તા. ૦૪–૦૬–૧૯૯૦ ના રોજથી થયેલી અને જે નોંધ પ્રમાણિત પણ થયેલી. જેઓ પાસેથી સદરહુ જમીન ભોગીલાલ મોરારજી પટેલ, રમેશભાઈ ભોગીલાલ પટેલ તથા મનહરભાઈ ભોગીલાલ પટેલે રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજથી ખરીદ કરેલ, જે અંગેનો વેચાણ દસ્તાવેજ મહે. સબ રજીસ્ટ્રારશ્રી, ઓલપાડનાની કચેરીમાં નોંધણી અનુક્રમ નં. ૭૩૬ થી તા. ૧૦–૦૫–૧૯૯૩ ના રોજથી નોંધાયેલ અને તે હકીકત અંગેની નોંધ ગામના હકક પત્રકના નમુના નં. ૬ માં ફેરફાર નોંધ નં. ૨૦૪૫ થી તા. ૨૧–૦૫–૧૯૯૩ ના રોજથી થયેલી અને જે નોંધ પ્રમાણિત પણ થયેલ. આમ, સદરહુ જમીન ભોગીલાલ મોરારજી પટેલ, રમેશભાઈ ભોગીલાલ પટેલ તથા મનહરભાઈ ભોગીલાલ

| જીલ્લો | તાલુકો | ગામ | બ્લોક નં. | પ્રોજેકટનું નામ | પ્લોટ નં. | પ્લોટનું ક્ષેત્રફળ (રોડ રસ્તા COP ક્ષેત્ર.) |
|---|---|---|---|---|---|---|

પટેલની માલીકી કબજા વહીવટ ભોગવટા હેઠળની ચાલી આવેલ, જેઓ પાસેથી સદરહુ જમીન અમૃતભાઈ ગાંડાભાઈ, કમલેશકુમાર અમૃતભાઈ તથા હેતલકુમાર અમૃતભાઈ પટેલે ખરીદ કરેલ, જે વેચાણ દસ્તાવેજ મહે. સબ રજીસ્ટ્રારશ્રી, ઓલપાડનાની કચેરીમા નોંધણી અનુક્રમ નં. ૩૪૮ થી તા. ૦૭–૦૩–૨૦૦૦ ના રોજથી નોંધાયેલ અને જે હકીકત અંગેની નોંધ ગામના હકક પત્રકના નમુના નં. ૬ માં ફેરફાર નોંધ નં. ૨૩૭૨ થી તા. ૨૦–૧૨–૨૦૦૦ ના રોજથી થયેલી, જે નોંધ રદ થયેલ. જેથી સદર વેચાણ અંગેની ફરીથી નોંધ ગામના હકક પત્રકના નમુના નં. ૬ માં ફેરફાર નોંધ નં. ૨૭૯૫ થી તા. ૨૩–૦૪–૨૦૦૮ ના રોજથી થયેલી અને જે નોંધ તા. ૦૭–૦૬–૨૦૦૮ ના રોજથી પ્રમાણિત પણ થયેલી. આમ, સદરહુ જમીન અમૃતભાઈ ગાંડાભાઈ પટેલ, કમલેશકુમાર અમૃતભાઈ પટેલ તથા હેતલકુમાર અમૃતભાઈ પટેલની માલીકીની ચાલી આવેલ. જેઓ પાસેથી સદરહુ જમીન ભોગીલાલ ગોપાળભાઈ પટેલ, મહેશભાઈ ભોગીલાલ પટેલ તથા અજીતભાઈ ભોગીલાલ પટેલ યાને અમો બીજા પક્ષનાઓએ રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજથી ખરીદ કરેલ, જે અંગેનો વેચાણ દસ્તાવેજ મહે. સબ રજીસ્ટ્રારશ્રી, ઓલપાડનાની કચેરીમાં નોંધણી અનુક્રમ નં. ૧૧૨૨ થી તા. ૧૮–૦૭–૦૩ ના રોજથી નોંધાયેલ છે અને જે હકીકત અંગેની નોંધ ગામના હકક પત્રકના નમુના નં. ૬ માં ફેરફાર નોંધ નં. ૨૮૪૮ થી તા. ૦૨–૧૨–૨૦૦૮ ના રોજથી થયેલી અને જે નોંધ તા. ૦૮–૦૫–૨૦૦૯ ના રોજથી પ્રમાણિત પણ થયેલી છે. આમ, સદરહુ જમીન અમો બીજા પક્ષનાની માલીકી કબજા વહીવટ ભોગવટા હેઠળની ચાલી આવેલી છે.

**(૪)** ઉપરોકત હકીકતે સુરત ડીસ્ટ્રીકટ ઓલપાડ સબ ડીસ્ટ્રીકટના મોજે ગામ કરમલાના બ્લોક નં. ૨૬૨ તથા બ્લોક નં. ૨૬૪ વાળી જમીન અમો બીજા પક્ષનાની માલીકી કબજા વહીવટ ભોગવટા હેઠળની ચાલી આવેલી છે.

**(૫)** સદરહુ બ્લોક નં. ૨૬૨ તથા બ્લોક નં. ૨૬૪ વાળી જમીન અંગેના સંયુકત બાંધકામના પ્લાન નગર નિયોજકશ્રી, સુરત તરફથી મંજુર કરવામાં આવેલ છે અને તેઓના હુકમ નં. બીપી/ કરમલા/ ઓલપાડ/ સુરત/ ૮૨૩, તા. ૧૬–૦૪–૨૦૧૩ ના રોજથી વિકાસ પરવાનગી આપવામાં આવેલ છે.

**(૬)** સદરહુ બ્લોક નં. ૨૬૨ તથા ૨૬૪ વાળી જમીન મહે. જીલ્લા વિકાસ અધિકારીશ્રી, સુરતનાએ તેઓશ્રીની કચેરીના હુકમ ક્રમાંક : ૪/ ડી.પી./ એન.એ./ રજી. નં. ૮૯૨/ ૧૩, તા. ૨૪–૦૬–૨૦૧૩ ના રોજથી બીનખેતીની જમીન તરીકે જાહેર કરેલ છે અને જે હકીકત અંગેની નોંધ ગામના હકક પત્રકના નમુના નં. ૬ માં ફેરફાર નોંધ નં. ૩૨૪૦ થી તા. ૦૨–૦૭–૨૦૧૩ ના રોજથી થયેલી અને જે નોંધ તા. ૧૧–૦૯–૨૦૧૩ ના રોજથી પ્રમાણિત પણ થયેલી છે તેમજ ફેરફાર નોંધ નં. ૩૨૪૫ થી તા. ૨૨–૦૭–૨૦૧૩ ના રોજથી થયેલી અને જે નોંધ તા. ૨૭–૦૯–૨૦૧૩ ના રોજથી પ્રમાણિત પણ થયેલી છે.

**(૭)** સદરહુ બ્લોક નં. ૨૬૨ તથા ૨૬૪ વાળી બીનખેતીની જમીનમાં રહેણાંકના હેતુ માટે **"આનંદો ગ્રીન વેલી"** ના નામે પ્લોટોનુ આયોજન કરવામાં આવેલ, જે બાબતે જિલ્લા નિરીક્ષકશ્રી, જમીન દફતરે, સુરતના ક્રમાંક : કે.જે.પી.એસ.આર./ ૩૧૩/ ૧૩–૧૪, તા. ૦૫.૦૩.૨૦૧૪ ના રોજના હુકમ મુજબ કે.જે.પી. દુરસ્તી પત્રકની ગામે નોંધ પાડવામાં આવેલ, જે હકીકત અંગેની નોંધ ગામના હકક પત્રકના

| જીલ્લો | તાલુકો | ગામ | બ્લોક નં. | પ્રોજેકટનું નામ | પ્લોટ નં. | પ્લોટનું ક્ષેત્રફળ (રોડ રસ્તા COP ક્ષેત્ર.) |
|---|---|---|---|---|---|---|

નમુના નં. ૬ માં ફેરફાર નોંધ નં. ૩૨૮૯ થી તા. ૨૪–૦૩–૨૦૧૪ ના રોજથી થયેલી અને જે નોંધ તા. ૨૭–૦૬–૨૦૧૪ ના રોજથી પ્રમાણિત પણ થયેલી છે.

**(૮)** ઉપરોક્ત હકીકતે સદરહુ બ્લોક નં. ૨૬૨ તથા ૨૬૪ વાળી બીનખેતીની જમીનમાં રહેણાંકના હેતુ માટે આયોજન કરવામાં આવેલ **"આનંદો ગ્રીન વેલી"** માં પાડવામાં આવેલા પ્લોટો પૈકી **પ્લોટ નં.........** વાળી ખુલ્લા પ્લોટવાળી જમીન (કે જે નીચે પરિશિષ્ટમાં વધુ સ્પષ્ટ વર્ણન અને વિગતથી દર્શાવવામાં આવેલ છે તે જમીન અને જેને હવે પછી સરળતા ખાતર "સદરહુ જમીન" તરીકે સંબોધવામાં આવેલ છે તે જમીન) અમો બીજા પક્ષનાએ તમો પહેલા પક્ષનાને આજરોજ આ વેચાણ દસ્તાવેજથી વેચાણથી આપેલ છે સહી અને જેનો પાકો વેચાણ દસ્તાવેજ આજરોજ અમો બીજા પક્ષનાએ તમો પહેલા પક્ષનાના લાભમાં કરી આપ્યો છે સહી.

**(૯)** સદરહુ જમીન અમો બીજા પક્ષનાની સંપૂર્ણ માલીકી કબજા વહીવટ ભોગવટા હેઠળની ચાલી આવેલી છે. સદરહુ જમીન અંગે અમોને વ્યવસ્થા સંચાલન નિકાલ વિગેરે કરવા કરાવવાનો સંપૂર્ણ હકક અને અધિકાર રહેલો છે અને તે હકક અને અધિકારની રૂએ સદરહુ નીચે પરિશિષ્ટમાં બતાવવામાં આવેલ જમીન અમો બીજા પક્ષનાએ તમો પહેલા પક્ષનાને **રૂ....................../– (અંકે રૂપિયા ........... ...............................................) પુરા**થી વેચાણથી આપવા નકકી કરેલ હોય, જે વેચાણ અવેજની પુરેપુરી રકમ **રૂ......................../– (અંકે રૂપિયા ...................................................................) પુરા** તમો વેચાણ રાખનારે અમો બીજા પક્ષનાને નીચે જણાવેલ વિગતેથી ચુકવી આપેલ છે, જે વેચાણ અવેજની રકમ મળી ગયા બદલની અમો બીજા પક્ષના આથી લેખીત પહોંચ સ્વીકારીએ છીએ.

## :: પરિશિષ્ટ ::

| ક્રમ | સ્વીકારનાર | બેંકનું નામ | ચેક નં. | તારીખ | રકમ |
|---|---|---|---|---|---|
| ૧ | ભો.ગો.પટેલ | | | | |
| ૨ | મ.ભો.પટેલ | | | | |
| ૩ | અ.ભો.પટેલ | | | | |
| **અંકે રૂપિયા** | | | **પુરા** | | |

**(૧૦)** સદરહુ જમીનના વેચાણ અવેજની પુરેપુરી રકમ તમો પહેલા પક્ષનાએ અમો બીજા પક્ષનાને અમારી સુચના મુજબ ચુકવી આપેલ હોય, તમારા કિંમતી અવેજના બદલામાં અમોએ અમારી માલીકીની સદરહુ જમીનનો પ્રત્યક્ષ અને શાંતિભર્યો કબજો સુપ્રત કરેલ છે, જે આજદીન બાદ અમો બીજા પક્ષનાએ કે અમારા વંશવાલી વારસોએ પરત માંગવાનો નથી. તેમજ પરત માંગવા અમો બીજા પક્ષના આજરોજથી હકકદાર રહેતા નથી.

**(૧૧)** સદરહુ જમીનના વેચાણ અવેજની પુરેપુરી રકમ તમો વેચાણ રાખનારે અમો બીજા પક્ષનાને ચુકવી આપેલ હોય, વેચાણ અવેજની રકમ નહીં મળ્યાની કે ઓછા મળ્યાની અમો બીજા પક્ષના કે અમારા વંશવાલી વારસોએ કોઈપણ પ્રકારની તર–તકરાર કરવા કરાવવાની નથી, તેમ છતાં જો કરવા કરાવવામાં આવે તો તે આથી રદબાતલ થાય સહી.

| જીલ્લો | તાલુકો | ગામ | બ્લોક નં. | પ્રોજેકટનું નામ | પ્લોટ નં. | પ્લોટનું ક્ષેત્રફળ |
|---|---|---|---|---|---|---|

**(૧૨)** સદરહુ જમીનના વેચાણ અવેજની પુરેપુરી રકમ તમો વેચાણ રાખનારે અમો બીજા પક્ષનાને ચુકવી આપેલ હોય જેના બદલામાં અમોએ અમારી માલીકીની સદરહુ જમીનનો પ્રત્યક્ષ અને શાંતિભર્યો કબજો માલીકી હકકે સુપ્રત કરેલ હોય, તમો સદરહુ જમીનના આજરોજથી વેચાણ કરો, ગીરો મુકો, બક્ષીસથી આપો, ભાડે આપો વિગેરે તમારી મરજીમાં આવે તે પ્રમાણે વ્યવસ્થા, સંચાલન, નિકાલ વિગેરે કરાવો તેમાં અમો બીજા પક્ષના કે અમારા વંશવાલી વારસોએ કોઈપણ પ્રકારની તર–તકરાર કરવા કરાવવાની નથી.

**(૧૩)** સદરહુ તમોને વેચાણ આપેલ જમીન તદ્દન નબોજી, નકર્જી, નજોખમી, ચોખ્ખા અને માર્કેટેબલ ટાઈટલ્સ વાળી છે. સદરહુ જમીન અમોએ કોઈને વેચાણ, ગીરો, બક્ષીસ કે અન્ય રીતે તબ્દીલ કરી કરાવી આપેલ નથી. તેમજ તેવા કોઈપણ પ્રકારના લખાણો કરી આપેલ નથી. તેમજ તેવા લખાણો કરી કરાવી આપવા નકકી કરેલ નથી. તેમજ સદરહુ જમીન અમોએ કોઈને જામીન તરીકે જામીનગીરીમાં લખી આપેલ નથી. સદરહુ જમીનને લાગુ આવેલ જમીનોમાં કોઈને કોઈપણ પ્રકારનો રહેઠાણ કે જવા આવવાના રસ્તાનો કે પાણીના નિકાલનો કે ઈઝમેન્ટનો હકક આપવાનો અમો બીજા પક્ષનાને અબાધિત હકક અને અધિકાર રહેશે. જે અંગે પહેલા પક્ષનાને કોઈ તર તકરાર કે વાંધા વિરોધ નથી કે ભવિષ્યમાં કરવા કરાવવાનો નથી, જે પહેલા પક્ષના આથી કબુલ મંજુર રાખે છે. તેમજ સદરહુ જમીન કોઈપણ પ્રકારના સંપાદન હેઠળ નથી. તેમજ તેવી કોઈ નોટીસ અમોને આજદિન સુધી મળી નથી. આમ સદરહુ જમીનમાં અમો બીજા પક્ષના સિવાય કોઈનો કોઈપણ પ્રકારનો હકક હીસ્સો કે અધિકાર રહેલો નથી.

**(૧૪)** સદરહુ જમીન અંગે કોઈપણ કોર્ટમાં કોઈપણ પ્રકરણ ચાલતું નથી. તેમજ સદરહુ જમીન અંગે કોઈપણ કોર્ટમાં કોઈપણ મનાઈ હુકમ અસ્તિત્વમાં નથી. સદરહુ જમીન કોઈપણ કોર્ટના હુકમથી જપ્તીમાં કે અવલ જપ્તીમાં નથી. ટુંકમાં સદરહુ જમીન બોજા રહીત, નબોજી નકરજી ચોખ્ખા અને માર્કેટેબલ ટાઈટલવાળી છે.

**(૧૫)** સદરહુ જમીન હાલ અમો બીજા પક્ષનાના નામે ગામ દફતરે તેમજ અન્ય સરકારી તેમજ અર્ધ સરકારી દફતરે ચાલે છે, જે નામ આજરોજથી કમી કરી કરાવી સદરહુ જમીનમાં તમારૂ નામ માલીક મુખત્યાર તરીકે દાખલ કરી કરાવી શકો સહી. તેમજ તેવી કાર્યવાહીમાં અમો બીજા પક્ષનાની જયાં જયાં સહી, સંમતિ, કબુલાત વિગેરેની જરૂર જણાય ત્યાં ત્યાં અમોએ જરૂરી સહી, સંમતિ, કબુલાત વિગેરે આપવાની રહેશે સહી. અગર આ વેચાણ દસ્તાવેજની રૂએ પણ અમારી કબુલાત માની લઈ તમોને યોગ્ય લાગે ત્યાં તમારૂ નામ સદરહુ જમીનમાં માલીક મુખત્યાર તરીકે દાખલ કરી કરાવી શકો સહી.

**(૧૬)** અમો બીજા પક્ષનાએ સદરહુ જમીનના આજદિન સુધીના તમામ કરવેરા ભરી દીધા છે અને હવેથી સદરહુ જમીનના તમામ કરવેરા તમો વેચાણ રાખનારે માલીક તરીકે ભરવાના છે સહિ.

**(૧૭)** સદરહુ જમીનને લાગુ સુરત જીલ્લાના ઓલપાડ તાલુકાના મોજે ગામ અટોદરાના બ્લોક નં. ૬૩ + ૬૪ વાળી બીનખેતીની જમીનમાં મંજુર થયેલા પ્લાન મુજબ ૧૨ મીટરનો રસ્તો, જેનું ક્ષેત્રફળ : ૩૦૯૦–૦૦ ચો.મી. છે તે રસ્તો ઓલપાડ–સાયણ રોડથી લાગીને ઉત્તર દિશા તરફથી દક્ષિણ દિશા તરફના કાયમી રસ્તા વપરાશના હકકો બીજા પક્ષનાના આવેલ છે અને તે અંગેનો રસ્તા અંગેનો

| જીલ્લો | તાલુકો | ગામ | બ્લોક નં. | પ્રોજેકટનું નામ | પ્લોટ નં. | પ્લોટનું ક્ષેત્રફળ [illegible] |
|---|---|---|---|---|---|---|

ઈઝમેન્ટનો કરાર મહે. સબ રજીસ્ટ્રારશ્રી, ઓલપાડનાની કચેરીમાં નોંધણી અનુક્રમ નં. ૧૭૮૦ થી તા. ૧૦–૦૩–૨૦૧૧ ના રોજથી નોંધાયેલ છે અને તે કરારમાં જણાવેલ હકકો મુજબ અમો બીજા પક્ષનાને મળેલ હકકોનો ઉપયોગ કરવા કરાવવા તમો પહેલા પક્ષના આથી હકકદાર રહેશો સહી.

**(૧૮)** સદરહુ ખુલ્લા પ્લોટવાળી જમીન અમો બીજા પક્ષનાએ તમો પહેલા પક્ષનાને નબોજી, નકરજી ચોખ્ખા અને માર્કેટેબલ ટાઈટલવાળી વેચાણ આપી છે અને પહેલા પક્ષનાએ સદરહુ જમીન અંગેના ટાઈટલ જોઈ તપાસી લીધા છે માટે ભવિષ્યમાં તે અંગે કોઈ તર તકરાર કે વાંધા વિરોધ કરવા કરાવવાના નથી અને જો કરવા કરાવવામાં આવે તો તે આથી રદબાતલ થાય સહી.

**(૧૯)** સદરહુ તમોને વેચાણ આપેલી પ્લોટવાળી જમીનમાં જવા આવવા માટે રસ્તાની સુવિધા કરવામાં આવેલ છે. મજકુર જમીનમાં આવેલા રસ્તા રોડ ઉપરથી તમો પહેલા પક્ષના તથા તમારા માણસો વાહનો સહીત આવજાવ કરી કરાવી શકો સહી. સદરહુ જમીનમાં આવેલા રોડ, રસ્તાનો ઉપયોગ તમામ પ્લોટ હોલ્ડર્સે સહિયારો કરવાનો રહેશે તેમજ ટેલીફોનના વાયર, ગેસ કનેકશન, નળ કનેકશન, ઈલેકટ્રીક કનેકશન, ગટર કનેકશન વિગેરે સગવડો તમો પહેલા પક્ષનાએ તમારા ખર્ચે મેળવવાની રહેશે સહી. સદરહુ વેચાણ આપેલ પ્લોટવાળી જમીનમાં તમો પહેલા પક્ષનાએ મંજુર થયેલા પ્લાન મુજબનું તેમજ બ્રોશરમાં જણાવ્યા અનુસારનું જ બાંધકામ તમારા ખર્ચે કરવાનું રહેશે અને સદરહુ પ્લોટવાળી જમીનનાં તમો પહેલા પક્ષનાએ તમારા ખર્ચે બાંધકામ કરી મજકુર બાંધકામનો ઉપયોગ ફકત રહેઠાણના હેતુ માટે જ કરવાનો રહેશે. આખી જમીનમાં આવેલ પ્લોટ હોલ્ડર્સો ભવિષ્યમાં કોઈ એસોસીએશન કે સર્વિસ સોસાયટી બનાવે તો તેના તમો પહેલા પક્ષનાએ ફરજીયાત સભ્ય બનવાનું રહેશે સહી તેમજ સદરહુ આખી જમીનમાં આવેલ રોડ, રસ્તાના માલીકીના હકકે નિભાવ યા મેઈન્ટેનન્સ અંગે થતા તમામ ખર્ચની રકમ તમો પહેલા પક્ષનાએ અન્ય પ્લોટ હોલ્ડર્સો સાથે રાસુકો ભોગવવાનો રહેશે સહી.

**(૨૦)** સદરહુ જમીનમાં આવેલ રોડ, રસ્તાનો ઉપયોગ રાસુકો કરવા કરાવવાનો રહેશે અને તે એવી રીતે કરવાનો રહેશે કે જેથી કોઈને કોઈપણ રીતે હેરાનગતિ કે મુશ્કેલી થાય નહિ. રસ્તાની જમીન ઉપર કોઈપણ પ્રકારનું રોકાણ કે અટકાયત થાય તેવા બાંધકામો કરવા કરાવવાના નથી. સદરહુ રસ્તાની જમીનમાં વપરાશ કે નિભાવ માટે વખતો વખત જે કાંઈ ખર્ચ કરવાનો થાય તો તે ખર્ચ પ્લોટ હોલ્ડર/સોસાયટીએ કરવાનો રહેશે તેમજ તે રસ્તાની જમીન અંગેનો જે કોઈ પણ વેરાની રકમ ભરવાની આવે તો તે રકમ સરકારી અર્ધ સરકારી કે ગ્રામ પંચાયત, સુડા કે સુરત મહાનગરપાલિકાની કચેરીમાં સોસાયટીએ માલીકી હકકે ભરપાઈ કરવાની રહેશે સહી. સદરહુ જમીનને લગતા સરકારી અર્ધ સરકારી ગ્રામ પંચાયત, સુડા તથા સુરત મહાનગરપાલિકાને લગતા તમામ વેરાઓ તથા બીનખેતીને લગતા તમામ વિશેષ ધારા તથા કન્ઝવરન્સી ટેક્ષની રકમો જે તે સરકારી અર્ધ સરકારી ગ્રામ પંચાયત, સુડા યા સુરત મહાનગરપાલિકાની કચેરીમાં માલીકી હકકે તમો પહેલા પક્ષનાએ ભરપાઈ કરવાની રહેશે તેની કોઈ જવાબદારી હમો બીજા પક્ષનાની રહેશે નહીં સહી. તેમજ સદરહુ ખુલ્લા પ્લોટવાળી જમીન જ અમો બીજા પક્ષનાએ તમો પહેલા પક્ષનાને આજરોજ આ વેચાણ દસ્તાવેજથી વેચાણથી આપેલ છે સહી માટે તે પ્લોટવાળી જમીનમાં થનાર બાંધકામની સંપૂર્ણ જવાબદારી તમો પહેલા પક્ષનાની રહેશે સહી. વળી તમો પહેલા પક્ષના સદરહુ પ્લોટવાળી જમીનમાં બાંધકામ કરો કરાવો અને પાછળથી સુડા/ સુરત મહાનગરપાલિકા યા અન્ય કોઈ સક્ષમ અધિકારીશ્રીની

| જીલ્લો | તાલુકો | ગામ | બ્લોક નં. | પ્રોજેકટનું નામ | પ્લોટ નં. | પ્લોટનું ક્ષેત્રફળ |
|---|---|---|---|---|---|---|

કચેરીમાં જમીન રૂપાંતર વેરા યા અન્ય કોઈપણ રકમો ભરપાઈ કરવાની થાય તો તે તમો પહેલા પક્ષનાએ ભરપાઈ કરવાની રહેશે સહી અને તે અંગેની હમો બીજા પક્ષનાની કોઈ જવાબદારી રહેશે નહીં સહી.

**(૨૧)** હાલમાં સદરહુ જમીનનો મંજુર થયેલ પ્લાન મુજબનો શાંત અને પ્રત્યક્ષ કબજો અમો બીજા પક્ષનાએ તમો પહેલા પક્ષનાને સ્થળે સુપ્રત કરી દીધેલ છે, જે કબજો સ્થળે તમો પહેલા પક્ષનાએ જોઈ તપાસી સ્વીકારી લીધેલ છે. સદરહુ ગામનો સમાવેશ હાલમાં (ડિસેમ્બર–૨૦૧૫ માં) સુડાના વિકાસ નકશામાં કરવામાં આવેલ છે, માટે ભવિષ્યમાં સદરહુ જમીનનો ઝોન જાહેર કરવામાં કે ટી.પી./ડી.પી. સ્કીમ લાગુ પડે અને ફાયનલ પ્લોટ અન્વયે જો તમો પહેલા પક્ષનાએ વેચાણ રાખેલ પ્લોટવાળી જમીન કપાતમાં જાય તો તે અંગેની સમગ્ર જવાબદારી તમો પહેલા પક્ષનાની રહેશે સહી. આજરોજથી તમો પહેલા પક્ષનાએ સદરહુ ખુલ્લા પ્લોટવાળી જમીનનો શાંત અને પ્રત્યક્ષ કબજો સ્થળે સ્વીકારી લીધેલ હોય ભવિષ્યમાં સદરહુ જમીનના ઝોનીંગ બાબતે કે ટી.પી./ ડી.પી. સ્કીમ અન્વયે સુડા કે અન્ય સક્ષમ સરકારી અર્ધ સરકારી કચેરીઓ સાથે કરવાની થતી તમામ પ્રકારની તમામ કાર્યવાહી પહેલા પક્ષનાએ પોતાની રીતે કરી લેવાની રહેશે સહી. જે અંગે બીજા પક્ષનાની કોઈ જવાબદારી રહેશે નહીં કે રાખવામાં આવેલ નથી.

**(૨૨)** સદરહુ જમીનની ૭/૧૨, ૮–અ તેમજ તમામ એન્ટ્રીઓની નકલ તેમજ લે–આઉટ પ્લાન, એન.એ. ઓર્ડર વિગેરે ટાઈટલ સંબંધી તમામ દસ્તાવેજોની ઝેરોક્ષ નકલ અમો બીજા પક્ષનાએ તમો પહેલા પક્ષનાને આજરોજ સુપ્રત કરી દીધી છે અને જે તમો પહેલા પક્ષનાએ મેળવી લીધેલ છે સહી. માટે તે અંગે ભવિષ્યમાં તમો પહેલા પક્ષનાએ કોઈ તર તકરાર કરવા કરવવાની નથી અને જો કરવા કરાવવામાં આવે તો તે આથી રદબાતલ થાય સહી.

**(૨૩)** સદરહુ તમોને વેચાણ આપેલ જમીનની બજાર કિંમત **રૂ.......................**/– **(અંકે રૂપિયા ...............................................................) પુરા** છે, જેથી આ વેચાણ દસ્તાવેજ **રૂ................**/– **(અંકે રૂપિયા ....................................................) પુરા**ના જનરલ સ્ટેમ્પ ઉપર કરવામાં આવેલ છે.

**(૨૪)** સદરહુ તમો વેચાણ આપેલ જમીન અંગેના આ વેચાણ દસ્તાવેજ અંગેનો તમામ ખર્ચ જેવા કે સ્ટેમ્પ ખર્ચ, રજી. ફી, વકીલ ફી વિગેરે તમો પહેલા પક્ષનાએ ભોગવવાના રહેશે સહી.

## –:: વેચાણ આપેલ પ્લોટની વિગત ::–

સુરત ડિસ્ટ્રીકટ ઓલપાડ સબ ડિસ્ટ્રીકટના મોજે ગામ કરમલાના બ્લોક નં.૨૬૨ + ૨૬૪ વાળી જમીન કે જેનું ક્ષેત્રફળ : ૬૭૩૮૦–૦૦ ચો.મી. છે તે રહેણાંકના હેતુ માટેની બીનખેતીની જમીન જે **"આનંદો ગ્રીન વેલી"** ના નામથી ઓળખાય છે તે જમીનમાં પાડવામાં આવેલા પ્લોટો પૈકી **પ્લોટ નં............** વાળી ખુલ્લી જમીન (કે જે રેવન્યુ રેકર્ડ ૭/૧૨ માં બ્લોક નં............... થી ઓળખાય છે તે ખુલ્લા પ્લોટવાળી જમીન) કે જેનું ક્ષેત્રફળ : ........... ચો.મી. છે તે ખુલ્લા પ્લોટવાળી જમીન તથા રોડ, સી.ઓ.પી. કોમન પ્લોટમાં ફાળે પડતા પ્રમાણસરના વણ વહેંચાયેલા .............. ચો.મી. મળી કુલ્લે

| જીલ્લો | તાલુકો | ગામ | બ્લોક નં. | પ્રોજેકટનું નામ | પ્લોટ નં. | પ્લોટનું ક્ષેત્રફળ (રોડ રસ્તા COP ક્ષેત્ર.) |
|---|---|---|---|---|---|---|

.................. ચો.મી. ના હકક હિસ્સા સહીત તથા તે માહેના તથા બહારના તમામ હકક અધિકાર સહીતની જમીન દરોબસ્ત. જેની ચતુરસીમા નીચે મુજબ છે.

| | | |
|---|---|---|
| ઉત્તરે | :– | લાગુ |
| દક્ષિણે | :– | લાગુ |
| પૂર્વે | :– | લાગુ |
| પશ્ચિમે | :– | લાગુ |

એણિ વિગતનો આ વેચાણ દસ્તાવેજ અમો બીજા પક્ષનાએ આજરોજ અમારી રાજીખુશીથી અને સ્વેચ્છાએ તનમનની સ્વસ્થ સાવધ હાલતમાં વાંચી, વંચાવી, સમજી, સાંભળી, વિચારી કોઈના કોઈપણ પ્રકારના દાબ દબાણ કે ધાક ધમકીમાં આવ્યા વગર બીનકેફ હાલતમાં કરી આપેલ છે, જે અમોને પોતાને તથા અમારા વંશવાલી વારસો, ટ્રાન્સફરી, એસાઈની, એકઝીકયુટર્સ, એડમીની સ્ટ્રેટર્સ, સકસેસર્સ ઈત્યાદી તમામને કબુલ મંજૂર અને બંધનકર્તા છે સહી અને રહેશે સહી.

અત્રે––––––––––––––––––મતુ.  તત્રે––––––––––––––––––––શાખ

––––––––––––––––––––––––  ––––––––––––––––––––––––

**૧. ભોગીલાલ ગોપાળભાઈ પટેલ**

––––––––––––––––––––––––  ––––––––––––––––––––––––

**૨. મહેશભાઈ ભોગીલાલ પટેલ**

––––––––––––––––––––––––

**૩. અજીતભાઈ ભોગીલાલ પટેલ**

| જીલ્લો | તાલુકો | ગામ | બ્લોક નં. | પ્રોજેકટનું નામ | પ્લોટ નં. | પ્લોટનું ક્ષેત્રફળ (રોડ રસ્તા COP ક્ષેત્ર ) |
|---|---|---|---|---|---|---|

# વેચાણ આપેલ પ્લોટનો ફોટો

પ્લોટનું પોષ્ટલ સરનામું :– પ્લોટ નં..........., આનંદો ગ્રીન વેલી, બ્લોક નં. ૨૬૨ તથા ૨૬૪, મોજે કરમલા, ગુજરાત ગેસ કંપનીની બાજુમાં, ઓલપાડ–સાયણ રોડ, તા. ઓલપાડ, જી. સુરત.

પ્લોટ લેનારની સહી :–

પ્લોટ વેચનારાઓની સહી :- ૧.

૨.

૩.

| જીલ્લો | તાલુકો | ગામ | બ્લોક નં. | પ્રોજેકટનું નામ | પ્લોટ નં. | પ્લોટનું ક્ષેત્રફળ (રોડ રસ્તા COP ક્ષેત્ર.) |
|---|---|---|---|---|---|---|

પહેલા પક્ષના :–     ફોટો     ડાબા હાથના અંગુઠાનું નિશાન

____________________

(                    )

| જીલ્લો | તાલુકો | ગામ | બ્લોક નં. | પ્રોજેકટનું નામ | પ્લોટ નં. | પ્લોટનું ક્ષેત્રફળ [illegible] |
|---|---|---|---|---|---|---|

બીજા પક્ષનાઓ :- ફોટો ડાબા હાથના અંગુઠાનું નિશાન

--------------------

(૧. ભોગીલાલ ગોપાળભાઈ પટેલ)

--------------------

(૨. મહેશભાઈ ભોગીલાલ પટેલ)

--------------------

(૩. અજીતભાઈ ભોગીલાલ પટેલ)

| જીલ્લો | તાલુકો | ગામ | બ્લોક નં. | પ્રોજેક્ટનું નામ | પ્લોટ નં. | પ્લોટનું ક્ષેત્રફળ (રોડ રસ્તા COP ક્ષેત્ર.) (ચો.મી.) |
|---|---|---|---|---|---|---|
| | | | | | | |

# :: પરિશિષ્ટ ::

## નોંધણી અધિનિયમ–૧૯૦૮ ની કલમ–૩૪ ની પેટા કલમ–૩ મુજબનું ચેક લીસ્ટ

| અ.નં. | પ્રશ્ન | જવાબ (હા કે ના) |
|---|---|---|
| | લખી આપનાર/સંમતિ આપનાર કે તેમના કુલમુખત્યારને પુછવાના પ્રશ્નો : | |
| (૧) | લેખમાં દર્શાવ્યા મુજબ સુરત ડિસ્ટ્રીકટ ઓલપાડ સબ ડિસ્ટ્રીકટના મોજે ગામ કરમલાના બ્લોક નં.૨૬૨૭૨૬૪ વાળી જમીન કે જેનું ક્ષેત્રફળ : ૬૭૩૮૦–૦૦ ચો.મી. છે તે રહેણાંકના હેતુ માટેની બીનખેતીની જમીન જે "આનંદો ગ્રીન વેલી" ના નામથી ઓળખાય છે તે જમીનમાં પાડવામાં આવેલા પ્લોટો પૈકી પ્લોટ નં....... વાળી ખુલ્લી જમીન (કે જે રેવન્યુ રેકર્ડ ૭/૧૨ માં બ્લોક નં......... થી ઓળખાય છે તે ખુલ્લા પ્લોટવાળી જમીન) કે જેનું ક્ષેત્રફળ : ........... ચો.મી. છે તે ખુલ્લા પ્લોટવાળી જમીન તથા રોડ, સી.ઓ.પી. કોમન પ્લોટમાં ફાળે પડતા પ્રમાણસરના વણ વહેંચાયેલા ......... ચો.મી. મળી કુલ્લે ........... ચો.મી. ના હકક હિસ્સા સહીત તથા તે માહેના તથા બહારના તમામ હકક અધિકાર સહીતની જમીન નો વેચાણ દસ્તાવેજ તમોએ કરી આપેલ છે? | |
| (૨) | વેચાણ દસ્તાવેજમાં દર્શાવ્યા મુજબ ........... ચો.મી.જમીન માટે લેખ કરી આપેલ છે? | |
| (૩) | વેચાણ દસ્તાવેજમાં દર્શાવ્યા મુજબની વિગતે અવેજની રકમ તમોને મળેલ છે? | |
| (૪) | વેચાણ દસ્તાવેજમાં દર્શાવેલ વિગતો વાંચી, વંચાવી, સમજી, વિચારીને તમે પોતેજ સહી/ અંગુંઠાની છાપ કરેલ છે તે તમો કબુલ રાખો છો? | |
| (૫) | પાવર ઓફ એટર્ની આપનાર વેચાણ દસ્તાવેજની તારીખે હયાત છે? | |
| (૬) | પાવર ઓફ એટર્નીના લેખમાં પાવર ઓફ એટર્ની આપનાર વ્યકિતઓએ સહી અંગુઠાનું નિશાન કરેલ છે? | |
| (૭) | પાવર ઓફ એટર્નીનો લેખ વેચાણ દસ્તાવેજની તારીખે અમલમાં છે? | |
| (૮) | વેચાણ દસ્તાવેજમાં ઓળખ આપવા સારૂ તમોને ઓળખતા હોય તેવી વ્યકિતઓ સાથે લાવ્યા છો? | |
| | **ઓળખ આપનારને પુછવાના પ્રશ્નો :** | |
| (૧) | વેચાણ દસ્તાવેજ લખી આપનાર વ્યકિતઓ કે જેઓએ કબુલાત આપી છે તેમને તમે જાતે ઓળખો છો? | |
| (૨) | વેચાણ દસ્તાવેજમાં લખેલ નામ અને કબુલાત આપનાર વ્યકિતઓ એકજ છે? | |
| (૩) | વેચાણ દસ્તાવેજમાં કોઈ વ્યકિતએ ખોટુ નામ ધારણ કરીને કબુલાત આપી નથી એવી તમે ખાત્રી આપો છ? | |

**લખી આપનારની સહી.**

**ઓળખ આપનારાઓની સહી.**

..................................................

..................................................

..................................................

**સબ–રજીસ્ટ્રારશ્રી**
**ઓલપાડ, સુરત.**

| જીલ્લો | તાલુકો | ગામ | બ્લોક નં. | પ્રોજેકટનું નામ | પ્લોટ નં. | પ્લોટનું ક્ષેત્રફળ (રોડ રસ્તા COP ક્ષેત્ર.) (ચો.મી.) |
|---|---|---|---|---|---|---|
| | | | | | | |